# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૧૩
# તા. ૬-૪-૧૯૮૧ ભિંડ, પ્રવચન P૦૯

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. જે આપણા શુધ્ધઆત્માને બતાવનારું શાસ્ત્ર છે. તે નિમિતરૂપ છે અને આ આત્મા છે ઉપાદાનરૂપ છે. તો જિનેન્દ્ર ભગવાનની વાણી આપણા શુધ્ધઆત્માના સ્વરૂપને બતાવાવાળી છે. તેની ૧૩ નંબરની આ ગાથાનું વિવેચન ચાલે છે. આત્માને અત્યાર સુધી આત્મદર્શન એટલે કે આત્માની અનુભુતિ નથી થઇ. આ આત્મદર્શન કેવી રીતે થાય, અજ્ઞાનનું નાશ કેવી રીતે થાય, એનું એક આ પ્રકરણ 13 નંબરની ગાથામાં છે. એનું પહેલું પેરેગ્રાફ પુરૂ થઈ ગયું છે હવે બીજું પેરેગ્રાફ ચાલશે. **બાહ્ય (સ્થૂલ) દ્રષ્ટિથી જોવા જાયે તો** , એટલે અજ્ઞાનથી જોવા જાયે તો, સમ્યકજ્ઞાનથી ન જોવા જાયે અને અજ્ઞાનથી જોવા જાયે તો, તો, અજ્ઞાનથી જોવા જાયે તો, શું દેખાય છે - તેઓ પહેલા બતાવે છે.

**બાહ્ય સ્થૂલ દ્રષ્ટિથી જોવા જાયે તો:- જીવ-પુદગલની અનાદિ બંધ પર્યાયની નજીક જઈ** જીવ અને પુદગલ બન્ને સ્વભાવથી જુદા-જુદા હોવાથી, જેને ચેતન અને જડની વિભાગની દ્રષ્ટિ નથી અને બન્નેની વચ્ચે અત્યંત અભાવ હોવાથી, અત્યંત ભિન્નતા હોવાથી, અત્યંત અભિન્ન લાગે છે, એવી અજ્ઞાનની દ્રષ્ટિથી જોયે તો, **અનાદિ બંધ પર્યાયની સમીપ** એટલે ભાવબંધની સમીપ **જઈને** જોવે તો, કાં તો જો ભાવઇન્દ્રિય છે એની નજીક જઈને જોવે તો, **એકપણેથી અનુભવ કરતાં,** જો ભગવાન આત્મા અને પુદગલ જુદા-જુદા હોવાથી, એને પોતાની દ્રષ્ટિના દોષથી ભેદજ્ઞાનના અભાવથી, અજ્ઞાનભાવથી જોવે તો, દેહ અને આત્મા એક લાગે છે. અને આત્મા અને શુભાશુભ ભાવ એક લાગે છે, **એકપણેથી અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભુતાર્થ છે, સત્યાર્થ છે** અહાહા.

ગાથા છે, શું ? કે ભુતાર્થ નયથી તું નવ તત્ત્વને જાણ. આજ સુધી અજ્ઞાની શું કર્યું? શું કીધું? કે અભુતાર્થ નયથી નવતત્ત્વને જાણ્યા. કે જીવ પુદગલનો કરતા છે અને પુદગલથી જીવના પરીણામ થાય છે ક્યારેક કરતા-કર્મ સંબંધ ન હોય તો કાંઈ નહીં, નિમિત-નૈમિત્તિક સંબંધ તો છે ને. આહાહા તો યે નવ તત્ત્વ અભુતાર્થ નયથી અનંત કાળથી જાણ્યાં. એટલે નવ તત્ત્વથી ભિન્ન આત્મા છે એવું નથી જાણ્યું. નવ તત્ત્વ અને ભગવાન આત્મા આ સ્વભાવથી જ ભિન્ન-ભિન્ન છે. એકત્વ થયા ન હતા ભૂતકાળમાં, અત્યારે પણ એકત્વ નથી થયા અને ભાવી કાળમાં પણ એકત્વ નહીં થાય, વિભક્ત છે. તો પણ પોતાની દ્રષ્ટિના દોષથી, આ રાગદિ ભાવ અને હું એક છુ, એવી એની દ્રષ્ટિ થઈ ગઈ છે. તો આવું જોયે તો આ **નવ તત્ત્વ ભુતાર્થ છે, સત્યાર્થ છે**. એટલે અજ્ઞાન સત્યાર્થ છે. શું કહ્યું? એમ અજ્ઞાનમાં ભ્રાંતિ થઈ ગઈ. તો એવું અજ્ઞાન સત્યાર્થ છે. આહાહા! હું રાગને કરવાવાળો છું અને દુ:ખને ભોગવાવાળો હું છું. બાહ્ય સ્થૂલ દ્રષ્ટિથી તે જોવે છે, તો એ અપેક્ષાથી, આહાહા! ઠીક છે. પરંતુ, એટલે એનું અજ્ઞાન સિધ્ધ થઈ ગયું. શું? અજ્ઞાન ઠીક છે -એમ નથી. આ અજ્ઞાન થયું આ દ્રષ્ટિથી તો, અજ્ઞાનની પણ અસ્તિ છે? શું કહિયું? અજ્ઞાનની જો અસ્તિ ન હોય તો, અજ્ઞાન

ટાળવાનો ઉપદેશ પણ વ્યર્થ છે. આહાહા! અનાદિનું અજ્ઞાન કેમ છે? કે જડ-ચેતન ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ, રાગ અને ચૈતન્ય પરમાત્મા ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ, એને એક લાગે છે. એ બંધની નજીક જઈને જુઓ તો એક લાગે છે. ઇન્દ્રિયજ્ઞાનની દ્રષ્ટિથી જુઓ તો એક લાગે છે રાગની દ્રષ્ટિથી જુઓ તો એક લાગે છે તેને. એવું અજ્ઞાન પણ છે, એવું અજ્ઞાન પણ છે. પર્યાયમાં અજ્ઞાન નથી એવું નથી

સ્વભાવથી આત્મા, જ્ઞાયક, જ્ઞાતા હોવા છતાં પણ, જો જ્ઞાતા-દ્રષ્ટાને ભુલી જાય છે અને દેહાદી રાગદિને પોતાનું માને છે, તો અજ્ઞાન પ્રગટ થાય છે. એવી ઉપલક, ઉપર-ઉપર ઉપરી દ્રષ્ટિથી જોઈયે તો, આ નવ તત્ત્વ ભુતાર્થ દેખાય છે અને આ પ્રમાણના વિષય કહિયું.

પ્રમાણ જ્ઞાનના વિષયમાં આગમ પ્રમાણ અને અધ્યાતમ પ્રમાણ. પ્રમાણ જ્ઞાનમાં બધુ સમાય છે. શુદ્ધ પર્યાય પણ આવે છે અને અશુદ્ધ પર્યાય પણ આવે છે છતાં પ્રમાણ જ્ઞાનથી બહાર જવું નહીં અને પ્રમાણમાં અટકવું નહીં. તો આખી સામાન્ય દુનિયા તો પ્રમાણથી બહાર ચાલી ગઈ, પ્રમાણના વર્તુલમાં પણ આવ્યો નહીં. અને થોડા જીવ, અલ્પ જીવ, પરની સાથે મારા કાંઇ સંબધ નથી, મારા દ્રવ્ય, ગુણ, પર્યાયની વર્તુલમાં મારા બધા કાર્ય ક્ષેત્ર પૂરા થાય છે. તો પ્રમાણમાં આવી ગયો. છતાં પ્રમાણમાં જો નિશ્ચયનય નિકાળતો નથી તે અજ્ઞાની રહી જાય છે. પ્રમાણનો પક્ષ છે. પ્રમાણાભાસ છે, પ્રમાણ નથી. સવિકલ્પ પ્રમાણ, સમ્યક પ્રમાણ નથી. પ્રમાણથી માત્ર પદાર્થની સિધ્દિ હોય છે, પણ પ્રયોજનની સિધ્દિ હોતી નથી. હવે પ્રમાણમાંથી જ્યારે પ્રયોજનની સિધ્દિ હોય છે, અનેકાંતમાંથી સમ્યકએકાંત નીકળે છે, તો સમ્યકએકાંતપૂર્વક અનેકાંતનું જ્ઞાન જરુર હોય છે ત્યારે સાચું પ્રમાણ હોય છે, તો પદાર્થની સિધ્દિ સમ્યકજ્ઞાનમાં હોય છે. મિથ્યાજ્ઞાનમાં પદાર્થની સિધ્દિ પણ નથી અને પ્રયોજનની સિધ્દિ પણ નથી. જ્ઞાન જ નથી. પ્રમાણ જ્ઞાન તો સમ્યક છે. આહાહા! સવિકલ્પ પ્રમાણ પણ સાચું પ્રમાણ નથી. તે સમ્યક પ્રમાણ નિર્વિકલ્પ ધ્યાનમાં પ્રમાણ જ્ઞાનનો જન્મ હોય છે. અને પ્રમાણ જ્ઞાનનો જન્મ પણ સમ્યકએકાંત પૂર્વક હોય છે.

પ્રમાણ જ્ઞાનનો વિષય શુદ્ધનય નથી, શુદ્ધનયનો વિષય પ્રમાણ જ્ઞાન નથી. શુદ્ધનયનો વિષય તો એકલો શુદ્ધઆત્મા છે. એમાં દ્રષ્ટિ દેવાથી સમ્યકજ્ઞાન પ્રગટ થાય છે. અને હું જ્ઞાયક છું એવી સમ્યક એકાંતપૂર્વક અતિઇન્દ્રિય આનંદની પર્યાયનો જન્મ થાય છે. તો સમ્યકએકાંત પૂર્વક અનેકાંતનું જ્ઞાન થાય છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુકતં સત્ નું પદાર્થનું જ્ઞાન, અનુભવમાં હોય છે. સ્યાદ્વાદનો જન્મ, અનેકાંતનો જન્મ, અનુભૂતિના કાલમાં થાય છે. શાસ્ત્રના લક્ષથી સ્યાદ્વાદનો જન્મ થતો નથી. શાસ્ત્ર તો અમે ઘણું વાંચ્યું, અમે અમારી વાત કરીયે છે, કોઈ પરની વાત અહિયાં મનાઈ છે. પ્રમુખ સાહેબ લખ્યું છે અહીં બોર્ડ, કે વિકથા અહીં મનાઈ છે. અમે અમારી વાત કરીયે છે.

અનંત-અનંત કાળ વિત્યો, અમે દ્રવ્યલિંગી મુનિ પણ થયા અને નવમી ગ્રેવેક સુધી દુ:ખ ભોગવા માટે ગયા. શું કહિયું? સ્વર્ગમાં પણ ગયા પણ દુ:ખ (ભોગવા માટે). આહાહા! અનેકાંત અને સ્યાદ્વાદના નામથી સ્યાદ્વાદ અનેકાંત અને પ્રમાણ, જ્ઞાનનો વિષય છે. નયનો વિષય કોઈ જુદો અપૂર્વ છે. એ તો તેમાં માત્ર છે. છે તો અનેકાંતમાં માત્ર, સમ્યકએકાંત છુપાયેલું છે. અનેકાંતને છોડો તો સમ્યક એકાંત નહીં નીકળે. અને અનેકાંતના પક્ષમાં પડો તો પણ સમ્યક એકાંત(નહીં નીકળે)

આહાહા!

સોનું રહે છે ને, તે સોનાના પાષાણમાં રહે છે. અંધ પાષાણમાં સોનું રહેતું નથી. એ જો નવ તત્ત્વ છે, તે (સોનું) પાષાણની જગ્યા પર છે. શાંતિથી જરા સાંભળજો. આહાહા! છે તો આ નવ તત્ત્વમાં છુપાયેલી આત્માજ્યોતિ. સોના પાષાણ, સોના પાષાણમાં સોનું રહે છે અંધ પાષાણમાં સોનું રહેતું નથી. તો આ જો નવ તત્ત્વ છે એ સોના પાષાણ છે, અંધ પાષાણ નથી. તેમાં આપણી જ્ઞાયક જ્યોતિ બિરાજમાન છે, કાઢવી જોઈએ. જગતના પદાર્થ, જીવો તો બાહ્યમાં ઘુમે છે, પ્રમાણથી બહાર. અને વિદ્દ્વાન લોકો પ્રમાણમાં અટકી જાય છે, અમે પણ અટકી ગયાથા, પુર્વમાં. હું મારી વાત કરું છું, હું તમારી વાત નથી કરતો. આહાહા!

પણ જ્યારે પ્રમાણમાં આવ્યો તો પણ આત્માની અનુભતિ નથી થઈ. તો કોઈ બીજી વાત રહી ગઈ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત્ સુધી આવ્યો, ગુણ-પ્રયાયવત દ્રવ્યમાં તો આવ્યો, તત્ત્વાર્થસૂત્રમાં પાંચ ભાવ જીવ ભાવ છે, ત્યાં સુધી પણ આવ્યો. પણ ત્યાં, આહાહા! આત્માની અનુભુતિ થતી નથી. આ જ્ઞેય છે, બધા ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત્ આ જ્ઞેય છે, ધ્યેય નથી. હોં! તે જ્ઞેયમાં ધ્યેય છે, જ્ઞેયમાં ધ્યેય છુપાયેલું છે. એના માટે એક દ્રષ્ટાંત આપું છું. સાદું દ્રષ્ટાંત- હું બધાને પૂછું છું પણ જવાબ નથી માંગતો, પૂછું તો છું પણ જવાબ નથી માંગતો. કે જેમ મોસંબી છે મોસંબી, તો હું પૂછું છું પ્રશ્ન કે મોસંબી છે એ હેય છે કે ઉપાદેય છે? કોઈને બોલવાનું નથી, બોલવાનું (નથી) જવાબ નથી આપવાનો, સમજ્યા? વિચાર કરવું કે શું પ્રશ્ન આવ્યો? બેમાંથી એક તો છે ને અથવા તો ઉપાદેય હોય અથવા હેય હોય. બેમાં (થી) એક હોવું જોઈએ. બેમાંથી એક પણ નથી તે તો જ્ઞેય છે. અચ્છા! જો હેય કહો તો રસ ચાલ્યું જશે, અને ઉપાદેય કહો તો, બધા છીલકા પેટમાં આવી જશે અને ડોકટરની પાસે જવું પડશે. સમજ્યા? તો આ જો મોસંબી છે, જ્ઞેય છે. આવા પ્રમાણના વિષયભૂત પદાર્થ જે છે, તે જ્ઞેય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત્ પરીણામથી સહિત જો આત્મ દ્રવ્ય છે, તે જ્ઞેય છે. અને પરીણામથી રહીત આત્મા છે તે ઉપાદેય ધ્યેય છે.

તો આચાર્ય ભગવાન ફરમાવે છે અનાદિકાળથી બંધના વશે, શુધ્દ્ અશુધ્દ્ પર્યાયનો પિંડ, એને આત્મદ્રવ્ય કહ્યો છે પણ જીવ તત્ત્વ કહ્યો નથી. જીવદ્રવ્યમાં જીવ તત્ત્વ છુપાયેલો છે. છ દ્રવ્ય છે, તેઓ પરીણામ સહિત દ્રવ્ય છે. પર્યાય સાપેક્ષ દ્રવ્ય છે. આહાહા! પણ જો જીવ તત્ત્વ પર્યાય સહિત હોવાથી, પર્યાયથી રહિત આજ સુધી જોયું નથી, આજ સુધી જોયું નથી. અને પર્યાયથી સહિત હોય, આત્મા એવો જ હોય, અને અંતર દ્રષ્ટિ કરે તો દ્રવ્ય ઉપાદેય ના લાગે. કારણ કે પર્યાયથી સહિત દ્રવ્ય માન્યું છે તો પર્યાય પણ ઉપાદેય, મિથ્યાત્વની પર્યાય પણ ઉપાદેય આવી જાશે. પણ આ નવ તત્ત્વ પરીણામ અભુતાર્થ હોવાથી અનુભતિ થઈ શકે? શું કહિયું? ફરીને.

સમયસારની ૧૪ મી ગાથામાં એક પ્રસ્ન આવ્યો કે પ્રભુ, તમે કહો છે કે આત્માનો અનુભવ કરો, પણ અમે અનુભવ કેવી રીતે કરીએ? અમારી સાથે ૮ પ્રકારના કર્મનો સંબધ છે અત્યારે અમારી મનુષ્ય પર્યાય છે. અને જ્ઞાન-દર્શન ગુણ પણ દેખાય છે ભેદ. અને હિનાધિક અવસ્થા પણ છે મોજુદ (પર્યાય) અને રાગ પણ મોજુદ છે. એવા પાંચ ભાવના સદ્ભાવમાં એટલે પર્યાયના સદ્ભાવમાં, પર્યાયથી રહિત, પર્યાયની સહિત હોવા (થી પણ) તો આપ કહો છો કે અનુભુતિ થઈ શકે છે તો કેવી

રીતે અનુભુતિ થઈ શકે? સાંભળ જોવા તે આ બધી અભુતાર્થ હોવાથી અનુભુતિ થઈ શકે?

જ્યારે તારું જ્ઞાન અંતરમુખ થશે ત્યારે પાંચ ભાવ બહાર રહી જશે અનુભવનો વિષય બનશે નહીં અનુભવનો વિષય તો એક શુધ્દ્આત્મા જ બનશે. પાંચ ભાવ હોવાથી પણ અનુભુતિ થઈ શકે. અભુતાર્થ એટલે સ્વભાવમાં તેનો અભાવ છે. તેને અલોકમાં મોકલવાની વાત નથી. પર્યાયને અલોકમાં નહીં મોકલ. પર્યાયનું અસ્તિત્વ પર્યાયમાં રાખ, પણ પર્યાય મારામાં નથી. મારી પર્યાયથી હું રહિત છું હા! આ રહિત-સહિતની રમત છે. રહિત -સહિતની છે. જેને રહિતનું શ્રધ્દ્ધા જ્ઞાન હોય છે, એ જ (તે) સમય, કાલ ભેદ નથી, તેની પર્યાયથી હું સહિત છું, એવું જ્ઞેયનું જ્ઞાન થઈ જાય છે. ધ્યેયનું ધ્યાન અને જ્ઞેયનું જ્ઞાન. ધ્યેય તો પર્યાયથી રહિત છે અને જ્ઞેય તો પર્યાયથી સહિત છે. સમય એક છે. સમય એક છે! તો કોઈ બાધા આવતી નથી. આહાહા!

જેવી રીતે કેવલી ભગવાન એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવને જાણે છે, એવી રીતે શ્રુતજ્ઞાની એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવને જાણે છે, તે ત્રણને કેમ જાણે, તે ત્રણ નથી, એક છે. ત્રણ ક્યાં છે? જ્ઞેય એક છે. આહાહા! જ્ઞેય એક છે. અને જે જ્ઞેય છે, ઉત્પાદ, વ્યય, ધ્રુવ યુક્તમ સત્, તે ધ્યેય નથી. આહાહા! ધ્યેય તો ધ્રુવ છે, ધ્યેય તો ધ્રુવ છે. અને ધ્યાન કરનેવાલા ઉત્પાદ-વ્યય-પર્યાય છે. અને જ્યારે ધ્યેય અને ધ્યાનની એકતા હોય છે, તો ધ્યાતા થઈ જાય છે. ધ્યાતાનું નામ સ્વજ્ઞેય છે. ધ્યાતાનું નામ સ્વજ્ઞેય છે. એમ ઉપલક ((ઉપર-ઉપર) દ્રષ્ટિથી જુવો તો એટલે પરથી ભિન્ન પ્રમાણમાં આવીને જુવો તો, આ બધા નવતત્ત્વ ભુતાર્થ છે, સત્યાર્થ છે. પણ એમાં સાધ્યની સિધ્દ્ધિ થતી નથી.

હવે સાધ્યની સિધ્દ્ધિ અનંત કાલથી નથી કરી, પ્રમાણમાં અટક્યો, વિદ્વાન લોકો પ્રમાણમાં અટકી ગયા. આહાહા! પ્રમાણમાંથી કાર્તિકેય અનુપ્રેક્ષા નામનું શાસ્ત્ર છે, ભાવલિંગી સંતનું લખેલું છે તેમાં ફરમાવે છે કે પ્રમાણમાંથી જો કોઈ નિશ્ચયનય કાઢે છે, તે જિનવચનમાં કુશળ છે, જિનવચનમાં કુશળ છે. પ્રમાણમાંથી મોસંબીમાંથી કોઈ રસ કાઢે, તો કુશળ છે. મોસંબીમાંથી કોઈ (રસ) કાઢવાનું ન જાને, એમ-એમ કરે (છાલ સાથે મોસંબી ખાય) તો મૂર્ખ છે, શું કીધું ? પશુ છે. એમ - એમ ખાય છે, શું ખાય છે? એમાંથી રસ કાઢી લે તો છાલ બહાર.

એમ પ્રમાણ જ્ઞાનના વિષયમાં શુધ્દ્-અશુધ્દ્ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, જીવદ્રવ્ય છે, જીવતત્ત્વ નથી. આહાહા! તો એમાંથી પ્રમાણમાંથી જો નિશ્ચય કાઢે છે તે જિનવચનમાં કુશળ છે અને અનુભતિના કાલમાં તેને પદાર્થની સાચી સિધ્દ્ધિ થાય છે. પદાર્થનું ખંડન નથી થાતું. સિધ્દ્ધાંતનું ખંડન નથી થાતું. સિધ્દ્ધાંત અનુભુતિના કાલમાં સિધ્દ્ થાય છે. આહાહા! ખંડન તો મિથ્યાત્વનું થાય છે, પદાર્થનું ખંડન થતું નથી. કોણ ખંડન કરે ઉત્પાદ-વ્યય-ધ્રુવ યયુક્તમ સત્ નું ? ખંડન કરવાવાળું કોઈ છે જ નહીં, હોં, મિથ્યાત્વના ખંડન કરવાની વાત અહીં ચાલે છે. તે તો કરવું જ જોઈએ. એના માટે તો શિબિર છે. શિબિરનું પ્રયોજન શું છે ? આહાહા! આત્માનું અનુભવ થઈ જાય અને અજ્ઞાન દુર થઈ જાય, તો અજ્ઞાનજન્ય જો ચાર ગતિનું દુઃખ મટી જાય અને અલ્પકાળમાં મુક્તિ થઈ જાય. અસંખ્ય સમય લાગે છે, અનંત સમય લાગતું નથી અનુભવના કાલ પછી અનંત સમય નથી લાગતું, અસંખ્ય સમયમાં મુક્તિ થઈ જાય છે. આહાહા!

**અને એક જીવ દ્રવ્યના સ્વભાવના સમીપ** , હવે પ્રમાણમાંથી નય કાઢવાની વાત આચાર્ય

ભગવાન, પ્રમાણ સિધ્ધ કર્યું - પ્રમાણ સિધ્ધ કર્યું. પ્રમાણ જ્ઞાનનો વિષય નવ તત્ત્વ છે. અથવા નવ તત્ત્વ પરિણમિત જીવ છે, પરિણામી જીવ છે પરિણામી જીવ પ્રમાણનો વિષય છે. અપરિણામી જીવ, શુધ્ધનયનો વિષય છે પરિણામી દ્રવ્યમાંથી અપરિણામી કાઢો. આહાહા! પરિણામી| દ્રવ્ય પર્યાય સાપેક્ષ દ્રવ્ય, પર્યાય સહિત દ્રવ્ય, પરિમણે પણ છે, પરિમણે છે. તો એક એમાંથી આચાર્ય ભગવાન પ્રમાણ જ્ઞાનમાં લાવીને-પ્રમાણ જ્ઞાનમાં લાવીને, એટલે પરથી ભિન્ન પડી ગયો પ્રમાણ જ્ઞાન પરથી ભિન્ન પાડે છે, અને શુધ્ધનય પર્યાયથી ભિન્ન પાડીને અનુભુતિ કરાવી દે છે. પ્રમાણ જ્ઞાન પરથીભિન્ન પાડીને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવમાં લાવે છે. અને શુધ્ધનય પ્રમત-અપ્રમતથી રહિત બતાવીને શુધ્ધાત્માના દર્શન કરાવે છે. આહાહા! આ વાત આચાર્ય ભગવાન ફરમાવે છે. પ્રમાણ સ્થાપિત કર્યું, પ્રમાણની સ્થાપના કરી, મોસંબી લેવી, પત્થર ન લેવું મોસંબી જોયે, જેમાં રસ છે. એવી રીતે નવ તત્ત્વ આ મોસંબીના સ્થાન પર છે. પણ ચૈતન્ય રસ તેમાંથી જુદો કાઢવો.

**અને એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને**, પુદગલની નજીક જઈને જોતો તો આત્માના દર્શન નતા થતા. રાગના લક્ષથી આત્માના દર્શન નતા થતા. શાસ્ત્ર જ્ઞાનનું લક્ષ કરવાથી આત્મજ્ઞાન નતું થતું હવે એનું લક્ષ છોડી દે અને **એક જીવદ્રવ્યના,** એમાં નવ હતા**,** એમાં નવ હતા**.** નવ વ્યવહારના વિષય છે**.** એક છે આ નિશ્ચયનયનો વિષય છે**. એક જીવદ્રવ્યના સ્વભાવના સમીપ જઈને**, આહાહા! એટલે નવ તત્ત્વના હું કર્તા છું, તે બુધ્ધિ છોડ દે અને નવ તત્ત્વ જ્ઞાનનું જ્ઞેય છે, તે બુધ્ધિ પણ છોડી દે તેનું લક્ષ સર્વથા છોડી દે, નવ તત્ત્વ છોડવાના નથી, નવ તત્ત્વનું લક્ષ છુટી જાય છે. જ્યારે આત્મા, આત્માના લક્ષ પર આવે છે, અંદરમાં જાઇ છે ઉપયોગ, જો બહિર્મુખ ઉપયોગ હતો, તે ઉપયોગ જાત્યનતર થઈ જાય છે. તો અતિઇન્દ્રિય જ્ઞાન નવું પ્રગટ થાય છે. તો એવા **સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં**, આ નવ તત્ત્વ અભુતાર્થ, અસત્યાર્થ છે. અભેદમાં ભેદ દેખાતો નથી, ભેદ, ભેદમાં હોવાથી છતાં, નવ તત્ત્વના ભેદ, ભેદ માં હોવાથી પણ, ભેદ ને ભેદના સ્થાન માં રાખો, અભેદમાં નહીં મળાવો અભેદમાં મળવે છે, એને આત્મદર્શન નથી થતું.

મુમુક્ષુ:- સાચું છે.

સાચું છે, સારું.

એવું છે, જ્યારે આ જ્ઞાન ગોષ્ઠીનું આયોજન થાય છે, તેમાંથી કેટલાક જીવનું હિત થવાનું હશે, તો આ બનાવ બને છે. નહિતર તો આ બનાવ બનવામાં નથી આવતા. કોકને થોડું સમજમાં આવે, વધારે સમજમાં આવે, કોઈ અભિમુખ થઈ જાય, સમ્યક સન્મુખ થઈ જાય છે, અરે! કોઈને સમ્યકદર્શન પણ થઈ જાય પંડાલમાં પણ થઈ શકે છે, મંદિરમાં જવાની જરૂરત નથી, આ મંદિર છે, ભગવાન અંદર બિરાજમાન છે, દેહ દેવળમાં ભગવાન આત્મા બિરાજમાન છે. લક્ષ ફેરવી દે, લક્ષ ફેરવી દે. આવુ-આવું કરે છે. છોડી દે. આવું કરી દે બસ, એટલી વાર છે.

પરીણામ પરદ્રવ્ય છે, નવ તત્ત્વ પરદ્રવ્ય છે, પરદ્રવ્યનો લક્ષ છોડી દે, પરદ્રવ્યને છોડવાની વાત નથી. આહાહા! પદાર્થની ત્યાગની વાત નથી, એનું લક્ષ ત્યાંથી છોડી દે. જાણવાનું તો આવડે છે તને, તે જ્ઞેય બદલી નાખ, ધ્યેય બદલી નાખ, ધ્યેય બદલી નાખ, જ્ઞેય બદલી નાખ, આહાહા! આટલી વાર છે. તો આચાર્ય ભગવાન ફરમાવે છે કે**જીવ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને**

**અનુભવ કરવાથી**, અહાહા **તે નવ તત્ત્વ અભુતાર્થ, સત્યાર્થ છે** આહાહા! તો નવ તત્ત્વ સત્યાર્થ, અભુતાર્થ છે, તેનો મર્મ સમજે નહીં અને નવ તત્ત્વ ને ઉડાડે છે. અજ્ઞાની જીવ વ્યવહારના પક્ષવાળો, એવો આરોપ કરે છે જ્ઞાની ઉપર. તેને સમજમાં આવતો નથી. આભુતાર્થનો અર્થ મારા અભેદ સ્વભાવમાં ભેદ નથી. રસમાં છાલ નથી, રસમાં છાલ નથી છાલ અભુતાર્થ છે, હોં! અભુતાર્થ છે. છે, છે પણ આમાં નથી. રસમાં નથી એવું ચૈત્યન ચમત્કાર ભગવાન આત્મામાં રાગદિ પરીણામ નથી. આહાહા! અભુતાર્થનો અર્થ છે સ્વભાવમાં ત્રિકાલ અભાવ છે, સ્વભાવમાં નવ તત્ત્વનો ત્રિકાલ અભાવ છે. મોક્ષની પર્યાય પણ આ મુક્ત સ્વભાવમાં નથી. મુક્ત સ્વભાવમાં તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-સુખ છે જેનું લક્ષણ પરમપારિણામીક ભાવ છે. તે ક્ષાયિક લક્ષણવાળી પર્યાય આત્મામાં નથી, તો ઉદય લક્ષણવાળી પર્યાય તો આત્મામાં (કેવી રીતે હોય) ન જોઈશ મારામાં આત્મામાં રાગ છે, ન જોઈશ.

એક વાર ભગવાન આત્માના સ્વભાવની નજીક જઇને જોઈશ તો આત્માના દર્શન થશે. આ ટાઇમ રાગ મારામાં છે, નહીં દેખાય. અરે! સમ્યકદર્શન મારામાં છે, એવું નહીં દેખાય. કાશ્મીરીલાલજી, આહાહા! અનંત ગુણનો પીંડ ભગવાન સામાન્ય, સામાન્યના દર્શન થાય છે, ત્યારે વિશેષ, આહાહા! વિશેષનો અજ્ઞાત થઈ જા.

એવી ઇષ્ટોપ દેશમાં એક ૪૪ ગાથા છે, પૂજ્યપાદઆચાર્યયે લખી છે. એમાં અનુભવની વિધિ બતાવીને ફરમાવે છે કે જે જીવ વિશેષનો અજ્ઞાત થાય છે, સમજાણું? એટલે વિશેષ જે પર્યાય જ્ઞાનનું જ્ઞેય નથી બનતી, એકલું સામન્ય જ્ઞાનનું જ્ઞેય બને છે ત્યારે અનુભવ થાય છે. તો નિર્વિકલ્પ ધ્યાન થાય છે તો બંધાતો નથી અને છુટે છે, એવો શ્લોક છે. નિર્વિકલ્પ ધ્યાન આવે છે તો બંધાતો નથી, અને છુટે છે. તો નિર્વિકલ્પ ધ્યાન ક્યારે આવે? કે વિશેષનો અજ્ઞાત બને ત્યારે. એટલે પર્યાયનું લક્ષ છુટે ત્યારે (વિશેષ) તે ૧૪ મી ગાથામાં આવ્યું કે પર્યાયને જાણવાનું સર્વથા બંધ કરી દે. સાહેબ! કથનચિત બંધ કરું તો શું? આહાહા! એટલે કથનચિત જાણું તો શું? સ્યાદ્વાદ છે.

અરે !અનુભવ પછી સ્યાદ્વાદનો જન્મ થાય છે. અનુભવ કેવી રીતે થાય, તે વાત અલગ છે, અને અનુભવ પછી શું છે, તે વાત અલગ છે. અનુભવ તો થયો નથી અને જ્ઞાનીની નકલ કરે છે. તે પણ વ્યવહારનય ને જાણે છે. ૧૨મી ગાથામાં ચોખું સ્પષ્ટ લખ્યું છે, સ્પષ્ટ લખ્યું છે કે વ્યવહારનય જાણેલો પ્રયોજન છે. તો હું પર્યાયને જાણું, એમાં કયા તકલીફ? જ્ઞાની પણ જાણે અને હું પણ જાણું. જ્યાં સુધી તું તે પર્યાયને જાણે છે ત્યાં સુધી તો તે મિથ્યાદ્રષ્ટિ છે (પર્યાયનો) કર્તા છે (એવું માને છે) ત્યાં સુધી તો મિથ્યાદ્રષ્ટિ છે જ.

ધનાલાલજી સાહેબ! આહાહા! આ જ્ઞાનગોષ્ટી છે ને. આહાહા! અજ્ઞાન -ગોષ્ટી નથી. પર્યાયને હું કરું છું તે તો અજ્ઞાન ગોષ્ટી છે. અને પર્યાયને હું જાણું છું, તે પણ અજ્ઞાન ગોષ્ટી છે. છોડી દે લક્ષ, છોડી દે, થોડી વાર માટે તો છોડી દે, પછી આત્માનો અનુભવ કરીને પછી, તે પર્યાય જ્ઞાનનું જ્ઞેય થાય છે, તે હેયરુપ જ્ઞેય થયું. અત્યારે તારું ઉપાદેયરુપ જ્ઞેય બને છે.

હવે તું પર્યાયને જાણવાની વાત કરે છે ને, તે તો તે ઉપાદેયરુપ જ્ઞેય થઈ ગઈ. આહાહા! અને અનુભવ પછી પર્યાયને જ્ઞાની જાણે છે, તે જ્ઞેય, હેયરુપ જ્ઞેય છે, ઉપાદેયરુપ જ્ઞેય નથી તેની.

ઉપાદેયરુપ જ્ઞેય તો એક પરમાત્મા આવી ગયું દ્રષ્ટિમાં, તો આવી ગયું બસ. આહાહા!

પર્યાય જાણવામાં આવે છે, પર્યાય જાણવાથી પર્યાય દ્રષ્ટિ નથી થતી અનુભવ પછી. અનુભવ પહેલા પર્યાયને જાણવાથી પર્યાયદ્રષ્ટિ (હોય છે) અનુભવ પછી પર્યાયને જાણવાથી પર્યાયદ્રષ્ટિ હોતી નથી, તેને જાણવું વ્યવહાર છે. તે પણ કામ ચલાવું થોડી વાર માટે, નિર્વિકલ્પ ધ્યાનમાં ટકી નથી શક્તું મારો ઉપયોગ આહાહા! તો જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે. પણ જ્ઞાનનું જ્ઞેય આ જ છે, તો પાછું નિર્વિકલ્પ ધ્યાન આવતું નથી. અને જો વજન આવી જાય તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે.

આદરણીય બાબુજી યુગલજી: બહુ સરસ. જાણવાનું નથી.

પૂજ્ય લાલચંદભાઈ: હા! જાણવાનું નથી. જાણવામાં આવે છે. બરાબર છે, પણ આ મારા જાણવાનો વિષય છે, એમ જ્ઞાની માનતા નથી. જેના લક્ષથી આનંદની વૃધ્ધિ ન હોય, તે જાણવાનું વિષય નથી. જેના લક્ષથી આનંદની પ્રાપ્તિ તો થઈ પણ જેની વારંવાર જાણવાથી આનંદની વૃધ્ધિ હોય છે, તે એક જ જ્ઞેય છે, બીજું જ્ઞેય નથી. એવી વાત છે.

મુમુક્ષુ:- આનંદનું સમુદ્ર ઉછળે છે.

પૂજ્ય લાલચંદભાઈ: ભિંડ ભાગ્યશાલી છે! આહાહા! સ્વયં ઉછલતી. આહાહા!

જીવદ્રવ્યની સ્વભાવની નજીક જઇને જો, પર્યાયનું લક્ષ છોડી દે, આહાહા! હું પર્યાયનો કર્તા છું, તે લક્ષ છોડી દે, અને પર્યાય જ્ઞાનનું જ્ઞેય છે, તે લક્ષ છોડી દે, કારણ કે ભેદના લક્ષથી અભેદની અનુભુતિ થતી નથી. ભેદના લક્ષથી રાગી પ્રાણીને અવશ્ય રાગ થાય છે. રાગને છોડાવા માટે ભેદનું લક્ષ છોડાવું છે. રાગની ઉત્પતિનો જ્યારે વ્યય થાય છે, ત્યારે વીતરાગ ભાવ પ્રગટ થઈ જાય છે, તો પર્યાયનો લક્ષ છોડી દે અને સ્વભાવની નજીક આવીને જો, **સ્વભાવની સમીપ જઇને**, શું કહિયું? પ્રભુ! તું સાંભળતો તો ખરો, તારી પ્રભુતા કેવી છે. આહાહા! પ્રભુ! તું સાંભળ! સર્વજ્ઞ ભગવાન બધાને વિભુ, પ્રભુ કહીને બુલાવે છે. કોઈ પામર નથી, કોઈ મનુષ્ય નથી, કોઈ સ્ત્રી પુરુષ નથી કોઈને કર્મનો બંધ થયો જ નથી અને કર્મનો ઉદય કોઈને આવતો જ નથી અને કર્મનું લક્ષ કોઈ કરતું જ નથી. અને એની દશામાં મિથ્યાત્વ હોતું જ નથી, એવો જ્ઞાયક તત્ત્વ હું છું, હું તો પરમાત્મા છું. પરમાત્માનું ધ્યાન કર તો પરમાત્મા થઈ જઈશ. આહાહા!

**સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં તે અભૂતાર્થ છે**, જો પહેલા ભુતાર્થ કહિયો, એને અભુતાર્થ કહિયો. આહાહા! પહેલા એકત્વબુધ્ધિ હતી તો એવી અજ્ઞાનની પરિસ્થિતિ બનતી હતી હવે જો સ્વભાવની નજીક જઇને જોયું તો અજ્ઞાન ટળી ગયું, તો એમાં નવ તત્ત્વમાં આત્મબુધ્ધિ છુટી જાય છે. આત્મબુધ્ધિ રહેતી નથી આત્મામાં આત્મ બુધ્ધિ આવી ગઈ અને નવ તત્ત્વ જ્ઞાનનું જ્ઞેય બને છે, કર્તાનું કર્મ બનતું નથી કારણ કે અકર્તાને કર્મ નથી અને જ્ઞાતાનું કર્મ નથી હોતું. નવ તત્ત્વ જ્ઞાતાનું જ્ઞેય હોય છે.

**એ (જીવના એકાકારમાં સ્વરુપમાં તેઓ નથી)**. કૌંસ કર્યું. જીવનો જો અભેદ સામાન્ય સ્વભાવ છે, એમાં નવ તત્ત્વના ભેદ નથી. અનેકના એકમાં અનેક નથી, એકમાં અનેક નથી એક જ્ઞાયકભાવ છું, હું તો અપ્રમત દશા પણ મારામાં નથી શુધ્ધોપયોગની દશા પણ મારામાં નથી? નથી, તારામાં શુધ્ધોપયોગ તારામાં નથી. શું વાત છે? નિશ્ચય રતનત્રયના પરીણામ મારામાં નથી

વ્યવહાર રતનત્રયના પરીણામની વાત તો દુર છે, તે તો જાતિ ભેદ છે. જેની જાતિ એક છે તે પરીણામ પણ મારામાં નથી. આહાહા! દ્રષ્ટિનો વિષય દ્રષ્ટિમાં આવ્યા વિના વિકલ્પ ટૂટશે નહીં. નિર્વિકલ્પ ધ્યાન આવશે નહીં. નિર્વિકલ્પ ધ્યાન વગર તો સમ્યકદર્શનનો જન્મ હોતો નથી

**તે (જીવના એકાકાર સ્વરુપમાં તેઓ નથી)** ભલે હોય! નવ તત્ત્વ, નવ તત્ત્વમાં ભલે હોય પણ મારામાં નથી. આહાહા! મોસંબી રસમાં છાલ નથી, છાલ-છાલમાં છે, છાલ અને રસ એક ક્ષેત્ર હોવાથી પણ જુદા-જુદા રહે છે, એક ક્ષેત્ર રહેવાથી પણ જુદા-જુદા રહે છે. એવા આકાશના એક ક્ષેત્રમાં આત્માના એક ક્ષેત્રમાં નથી આકાશના એક ક્ષેત્રમાં નવ તત્ત્વ પણ છે, અને જીવ તત્ત્વ પણ છે છતાં જુદા-જુદા રહે છે કારણકે આકાશના ક્ષેત્રમાં તો બધા રહે છે, છતાં મારા ક્ષેત્રમાં તો નવ તત્ત્વ (નથી) આકાશના ક્ષેત્રમાં છે, હું પણ છું અને નવ તત્ત્વ પણ છે છતાં મારા ક્ષેત્રમાં તે નવ તત્ત્વ નથી સ્વ-ક્ષેત્રમાં પર ક્ષેત્રની નાસ્તિ છે. આહાહા!

**(જીવના એકાકાર સ્વરુપમાં તેઓ નથી)** અમે જોયું નથી. અભેદની દ્રષ્ટિમાં તો ભેદ દેખાતો નથી એવા એક ૩૭ નંબરનો શ્લોક છે આધારથી શ્રધ્દ્ધા દઢવાન થાય છે, દઢતા છે, દઢતા આવે છે. શાસ્ત્રના આધારથી. ૩૭ નંબરનો શ્લોક છે. એ આવી ગયો.

**જો વર્ણઆદિક અથવા રાગમોહાદિક ભાવ કહ્યા, તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે**. ભિન્ન હોય છે, એમ નથી લખ્યું. એક-એક શબ્દની કિંમત છે.

આદરણીય બાબુજી યુગલજી:- કાયેમ ભિન્ન છે.

પૂજ્ય લાલચંદભાઈ:- કાયેમ ભિન્ન છે. આહાહા! તે માને છે કાયેમ અભિન્ન છે દુ:ખ મારાથી અભિન્ન માને છે, છે ભિન્ન. માને છે અભિન્ન, એનું નામ અજ્ઞાન છે. આહાહા!

આદરણીય બાબુજી યુગલજી:- જે અભિન્ન થઈ (ગયા છે) તો પછી ભિન્ન કેવી રીતે કહે?

પૂજ્ય લાલચંદભાઈ:- હા! જો અભિન્ન થઈ જાઈ તો દુ:ખનું નાશ થાય નથી, કોઈ સિધ્ધ પર્યાય પ્રગટ ન થાય. **આ પુરુષથી ભિન્ન છે એટલે અંતરદ્રષ્ટિ વડે જોનારાને**, બહિરદ્રષ્ટિ નથી, બહિરદ્રષ્ટિથી આત્માના દર્શન થતું નથી, આહાહા! નવ તત્ત્વ દેખાશે. બહિરદ્રષ્ટિથી તો નવ તત્ત્વ આતમારૂપ દેખાશે. નવ તત્ત્વ નવ તત્ત્વરુપ નહીં જોવામાં આવે, બહિરદ્રષ્ટિથી. પણ **અંતરદ્રષ્ટિ વડે જોનારાને આ બધા દેખાતા નથી** આહાહા! તો સ્વપરપ્રકાશકનું નાશ થશે. શું કહિયું? આત્મા પણ દેખવામાં આવે અને વર્ણઆદિ-રાગાદિ ભાવ પણ દેખવામાં આવે તો સ્વપરપ્રકાશકની સિધ્દ્ધિ થાય છે? સ્વપરપ્રકાશક પ્રમાણમાં આત્માનો અનુભવ નથી હોતો. કેવલ સ્વપ્રકાશકના દ્વારાથી આત્માનો અનુભવ હોય છે અભેદમાં ભેદ દેખાતો નથી. પર્યાયની ચક્ષુ સર્વથા બંધ થઈ જાય છે અને દ્રવયાર્થીક ચક્ષુ ખોલીને આત્માના દર્શન થાય છે. અને સ્વપ્રકાશકપૂર્વક સ્વપરપ્રકાશક છે, તો વ્યવહાર છે. સ્વપ્રકાશકને છોડે છે તો તે સ્વપરપ્રકાશક અજ્ઞાનમાં જાય છે. એવા અજ્ઞાની જીવ નિગોદમાં પણ સ્વપરપ્રકાશક છે. તે પ્રમાણ જ્ઞાન છે. આહાહા!

પ્રમાણ જ્ઞાનની બે વ્યાખ્યા છે. એક દ્રવ્યનું પ્રમાણ અને એક જ્ઞાનની પર્યાયનું પ્રમાણ વિષય આવ્યું છે સારું! સાંભળો બરાબર. આ પહેલલો શ્લોક પૂરો કરી દવ. **જોનારાને આ બધા દેખાતા નથી**. **જોનારાને આ બધા દેખાતા નથી. માત્ર એક** માત્ર, માત્ર only**એક સર્વોપરી તત્ત્વ જ**

**દેખાય છે** આહાહા! સર્વોપરી છે! આહાહા! ભગવાન આત્મા સર્વોપરી છે. નવ તત્ત્વમાં સર્વોપરી તત્ત્વ પરમાર્થ ભગવાન આત્મા છે **સર્વોપરી તત્ત્વ જ દેખાય છે**, તત્ત્વ જ, **સર્વોપરી તત્ત્વ જ** આહાહા! સમ્યકએકાંત કરી દીધું. આહાહા!

મુમુક્ષુ : સર્વોપરી તો મોક્ષ છે ને?

ઉત્તર : નહીં સર્વોપરી મોક્ષ નથી થતું. મોક્ષ તો એક સમયની પર્યાય નાશવાન છે. અને જીવનું લક્ષણ એમાં નથી. જે જીવ તત્ત્વનું લક્ષણ પરમપારિણામીક ભાવ છે તે એમાં નથી. મોક્ષ પર્યાય કર્મની અભાવની અપેક્ષા રાખે છે એટલે સાપેક્ષ છે અને ભગવાન આત્મા તો નિરપેક્ષ છે. આહાહા! એટલે મોક્ષની સાથે મેળવો તો પણ, મોક્ષની પર્યાય કે કેવળજ્ઞાનની સાથે મેળવો તો પણ, ભગવાન આત્મા તો અનાદિ અનંત સર્વોપરી રહે છે. કેવલજ્ઞાનના કાલમાં પણ કેવલજ્ઞાન સર્વોપરી નથી હોતું. કેવલી તેને સર્વોપરી નથી જાણતા. કેવલી પોતાની આત્માને સર્વોપરી જાણે છે, તો કેવલજ્ઞાન ટકે છે અને રહે છે સાદી અનંત કાલ.

આદરણીય બાબુજી યુગલજી:- મોક્ષ જેને સહારે રહે છે તે સર્વોપરી છે.

પૂજ્ય લાલચંદભાઈ:- હા! મોક્ષ જેને સહારે છે, તે સર્વોપરી તત્ત્વ છે.

મુમુક્ષુ:- પ્રમાણના બે પ્રકાર તમે સિધ્દ કરતાં હતા. પપ્રમાણના બે પ્રકાર.

ઉત્તર:- હમણાં હતા। તે આવે છે. આ શ્લોક પૂરો થઈ જાય ને, પછી તે આવે છે.

**માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે**. **કેવળ એક** , કેવળ ONLY માત્ર ફક્ત એક જ **ચૈતન્યભાવસ્વરુપ અભેદરુપ આત્મા જ દેખાય છે** પરીણામમાં અભેદ આત્મા દેખાય છે, તો પરીણામ પણ કથનચિત અભેદ થઈને આત્મા બની જાય છે. આહાહા!

હવે પ્રમાણના બે વિષય શું? ૬-૭ મિનિટ બાકી છે. થઈ જાશે..

પ્રમાણની તો MOST IMPORTANT (બધાથી મહત્વપૂર્ણ) વાત છે જે વિદ્વાન માટે ખૂબ સારી વાત છે. સમજાયું? બધાની માટે સારી છે આમ તો, પ્રમાણના બે ભાવ છે : એક દ્રવ્ય પ્રમાણ અને એક જ્ઞાનની પર્યાયનું પ્રમાણ. દ્રવ્યના પ્રમાણમાં શું આવે છે? કે દ્રવ્ય, પર્યાય, વસ્તુ તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે દ્રવ્ય પણ આત્મા અને પર્યાય પણ આત્મા. આહાહા! જે આત્મા દ્રવ્યનું છે તેજ આત્મા પર્યાયનું છે દ્રવ્ય પર્યાય વસ્તુ બધી તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે, સમજ્યા? એક વાત, અને જ્ઞાનની પર્યાયનું પ્રમાણ, કે સ્વ પણ દેખાય અને પર પણ દેખાય, સ્વપરપ્રકાશક. સ્વ પણ જાણવામાં આવે અને પર પણ જાણવામાં આવે. જ્ઞાનની પર્યાયનું પ્રમાણ -જ્ઞાનની પર્યાયનું પ્રમાણ એટલે પ્રમાણ જ્ઞાન, એટલે પ્રમાણ જ્ઞાન. જ્ઞાનની પર્યાય યુગપદ બનેને જાણે, દ્રવ્ય પર્યાય, દ્રવ્ય પર્યાય બનેને જાણે, તો એનું નામ પ્રમાણ જ્ઞાન છે. અને જે દ્રવ્યનું પ્રમાણ છે અને દ્રવ્ય પર્યાય બધી વસ્તુને જાણે એનું નામ પ્રમાણજ્ઞાન, આ દ્રવ્યનું પ્રમાણ

હવે દ્રવ્યના પ્રમાણમાંથી દ્રવ્ય દ્રષ્ટિ કરવી હોય તો, પર્યાયનો નિષેધ કર કે પર્યાય મારામાં નથી તો અંતરદ્રષ્ટિ થઈ જાશે. તો આત્માનો અનુભવ એમાં થાય છે. દ્રવ્યના પ્રમાણમાંથી નિશ્ચય કાઢવું કે હું સામાન્ય છે અને વિશેષ નથી પ્રમાણ જ્ઞાનમાં વિધિ નિષેધ નથી, દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે નિત્ય પણ છું અનેઅનિત્ય પણ છું એમાં "પણ" આવે છે. પ્રમાણમાં "પણ" આવે છે.

નયમાં "જ" આવે છે - નયમાં "જ" આવે છે આહાહા! કે હું સામાન્ય જ છું અને વિશેષ નથી. એમાં વિધિ નિષેધ નયમાં આવે છે અને પછી વિધિ-નિષેધનો વિકલ્પ પણ છુટી જાય છે.

આજે પ્રકરણ આવ્યું હતુ ૧૪૪ ગાથા ઉપર, આહાહા! કે હું સામાન્ય છું એવો વિકલ્પ, સામાન્યમાં વિશેષ નથી એવો વિશેષનો વિકલ્પ, બે જ વિકલ્પ છે. આ બે વિકલ્પ કરતાકર્મની પ્રવૃતિ અજ્ઞાન છે. આહાહા! તે વિકલ્પ છુટે છે ત્યારે પ્રક્ષાતિક્રાંત થાય છે તો જેવો છે, એવો જાણે છે. તો પ્રમાણ જ્ઞાનમાં વિષયમાં, દ્રવ્ય પર્યાય બે છે. એમાંથી દ્રવ્ય ઉપાદેય છે અને પર્યાય હેય, એવું કાઢવું એનું નામ નિશ્ચય નય છે હવે એક વાત બાકી રહી ગઈ, જ્ઞાનની પર્યાયમાં સ્વપર બે જાણવામાં આવે છે. સમજાયું? તો બે જાણવામાં આવે છે એમાં અનુભવ નહીં થાય. હવે જાણનારો જાણવામાં આવે છે, પર જાણવામાં નથી આવતો. તો એમાંથી નિશ્ચયનય કાઢ. જ્ઞાનની પર્યાયના પ્રમાણમાં નિશ્ચય વ્યવહાર બે શામિલ છે. જ્ઞાનની પર્યાયની પ્રમાણમાં નિશ્ચય વહેવારમાં બે શામિલ થઈ ગયું

જ્ઞાનની (પર્યાયની) પ્રમાણમાં બે શામિલ થઈ ગયું દ્રવ્ય પણ છે અને પર્યાય પણ જાણવામાં આવે છે હવે પર્યાયનું જાણવાનું બંધ કરી દે અને દ્રવ્ય સામાન્યને જાણી લે, તો પ્રમાણમાંથી એકલું સ્વપ્રકાશક, નિશ્ચયનય, શુધ્ધનય કાઢે છે એને અનુભવ થાય છે. આહાહા! તો સમ્યકએકાંત પૂર્વક અનેકાંત પણ થઈ જાય છે. દ્રવ્યને જાણતા-જાણતા પર્યાય પણ જાણવામાં આવે છે. અને દ્રવ્યના નિશ્ચયમાં જો આવ્યો તો હું આ છું અને આનંદની પર્યાય પ્રગટ થઈ ગઈ તે પણ હું છું. તો સમ્યકએકાંત પૂર્વક અનેકાંત, ધ્યેય પૂર્વક જ્ઞેય થાય છે.

સાચા પ્રમાણનો જન્મ નયપૂર્વક જ પ્રમાણ હોય છે. કોઈ જીવ એવું પકડે છે પ્રમાણપૂર્વક નય છે. પણ પ્રમાણપૂર્વક નય છે, તે વાત સાચી છે પણ કોને? જેને અનુભવ થઇ ગયો, સાચું પ્રમાણ થઈ ગયું, તે પ્રમાણપૂર્વક નયની વાત કરે તો સાચું છે. તને તો અનુભવ થયો નથી, અને પ્રમાણનો ઠેકો લગાવી દીધો કે પ્રમાણપૂર્વક નય છે. કે નયપૂર્વક પ્રમાણનો જન્મ થાય છે? અજ્ઞાનીને પ્રમાણપૂર્વક નય હોય છે, કે નયપૂર્વક પ્રમાણ હોય છે? કે નયપૂર્વક પ્રમાણ હોય છે. પછી પ્રમાણપૂર્વક નયનો પ્રયોગ કરે તો સમ્યક છે. એમ અનુભવ પહેલા પ્રમાણ, પ્રમાણ, પ્રમાણના પક્ષમાં આવી જાય, પ્રમાણ જેનું લક્ષણ છે, તે પણ વ્યવહાર છે. કારણ કે તે પૂજ્ય નથી, પ્રમાણ પૂજ્ય નથી, પ્રમાણમાંથી શુધ્ધનય જ પૂજ્ય છે નિશ્ચય સાચી છે. તો પ્રકક્ષાંતિક્રાંત

પહેલા નિશ્ચયનય આવે છે. પ્રકક્ષાંતિક્રાંતની પુર્વ અનુભવની પહેલા એક નિશ્ચયનય પ્રગટ થાય છે. તે નિશ્ચયનય બિલકુલ અપૂર્વ છે. અનંતકાલથી એવી સવિકલ્પ નિશ્ચયનય પણ પ્રગટ નથી થઈ. યથાર્થ નિર્ણય થાય છે, તે સમય એક અપૂર્વ નિશ્ચનય પ્રગટ થાય છે સવિલકપ, છે મિથ્યાદ્રષ્ટિ, ભલે મિથ્યાદ્રષ્ટિ છે તો પણ મિથ્યાત્વ હવે જવાનું છે, એવો મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! આ કોઈ એવું નિર્ણય આવે છે.

૧૪૪ ગાથામાં આવશે, પ્રથમ નિર્ણય કર, પછી અનુભવ થાય છે. આ આવશે ગાથામાં બધુ તો પહેલા નિર્ણય કર. સાંભળ્યું ખુબ, વાંચ્યું ખુબ, પણ નિર્ણય કરવાવાળો કોઈ વિરલા જ હોય છે. નિર્ણય કરી લે હમણાં. પણ નિર્ણયને આગળ નહીં કરવું. નિર્ણયને આગળ કરે છે, તેને નિર્ણય જ

નથી એવો, જેવો આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, એવો પરોક્ષ અનુભૂતિમાં, સવિકલ્પ દશામાં, માનસિક જ્ઞાનમાં, એવો જ આત્મામાં આવી જાય છે. અને અનુભવ પછી મિલાન કરે છે, તો મળી જાય છે કે અરે! તે વાત આત્માની તો મને પહેલા જ આવી હતી. એવો જ અનુભવ થયો, ફરક એટલું છે કે આમાં આનંદ આવે છે, તેમાં આનંદ ન હતો. આમાં અપૂર્વ હર્ષ હતો, ઉપર અપૂર્વ હર્ષ હતો, પ્રસન્નતા. શું?તે પ્રસન્નતા હતી, તે પણ અતીન્દ્રિય આનંદ ન હતો. પણ એને ખબર પડી જાય છે, અપૂર્વ નિર્ણયવાળાને. કોઈને તો અંતરમુહૂર્તમાં અનુભવ થઈ જાય છે. વધુમાં વધુ ૬ મહિનામાં અનુભવ થઈ જાય જ છે આવું કોલકરાર થઈ જાય છે તે આત્મા જાણે છે. જેને અપૂર્વ નિર્ણય આવ્યો પછી અનુભવ થયો છે તે, તે જ આત્માને જાણે છે

આ વિષે એક પ્રશ્ન ઊભો થયો, કે એવા અપૂર્વ નિર્ણયમાં આવે છે, તો કોઇ તમે એની વિચાર-વિમર્શ કરો કે આ શું છે? તો એક પંચાધ્યાયી કર્તાએ કહિયું કે આ અપૂર્વ નિર્ણય થવાની વાત વચન અગોચર છે. આહાહા! તે નિર્વિકલ્પવત છે, નિર્વિકલ્પ નહી, નિર્વિકલ્પવત છે. કેવલ અનુભવગમ્ય છે. તે વચનથી કહી ન શકાઈ. સમ્યકદર્શન તો કહ્યું જાય પણ સમ્યકદર્શન.....